પશ્ચિમ રેલવે દ્વારા વધુ ૩ જોડી હોળી અને સમર સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન

અમદાવાદ, પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા હોળી અને ઉનાળા દરમિયાન તેમની યાત્રા માંગને પૂરી કરવાના ઉદ્દેશથી અમદાવાદ મંડળ થઈને વિશેષ ભાડા પર વધુ ૩ જોડી સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

૧.ટ્રેન નંબર ૦૪૭૧૪/૦૪૭૧૩ બાન્દ્રા ટર્મિનસ-બીકાનેર સ્પેશિયલ (અઠવાડિક) (૦૮ ફેરા) - ટ્રેન નંબર ૦૪૭૧૪ બાન્દ્રા ટર્મિનસ-બીકાનેર સ્પેશિયલ દર શુક્રવારે બાન્દ્રા ટર્મિનસથી ૧૬.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૪.૩૦ કલાકે બીકાનેર પહોંચશે. આ ટ્રેન ૭ થી ૨૮ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે. આ જ રીતે ટ્રેન નંબર ૦૪૭૧૩ બીકાનેર-બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ દર ગુરૂવારે બીકાનેરથી ૧૫.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૩.૪૦ કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૬ થી ૨૭ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, ઉધના, વડોદરા, આણંદ, નડિયાદ, સાબરમતી, મહેસાણા, ભીલડી, રાણીવાડા, મારવાડ, ભીનમાલ, મોદરાન, જાલોર, મોકલસર, સમદડી, લૂણી, જોધપુર, મેડતા રોડ, નાગૌર અને નોખા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

૨. ટ્રેન નંબર ૦૪૮૨૮/૦૪૮૨૭ બાન્દ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સ્પેશિયલ (અઠવાડિક) (૦૮ ફેરા) - ટ્રેન નંબર ૦૪૮૨૮ બાન્દ્રા ટર્મિનસ – ભગત કી કોઠી સ્પેશિયલ દર રવિવારે બાન્દ્રા ટર્મિનસથી ૧૦.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૪.૩૦ કલાકે ભગત કી કોઠી પહોંચશે. આ ટ્રેન ૯ થી ૩૦ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૪૮૨૭ ભગત કી કોઠી – બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ દર શનિવારે ભગત કી કોઠી થી ૧૧.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭.૨૫ કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૮ થી ૨૯ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, ઉધના, ભરૂચ, વડોદરા, સાબરમતી, મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, પિંડવાડા, જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ, પાલી મારવાડ અને લૂણી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, એસી ૩-ટિયર (ઇકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

૩.ટ્રેન નંબર ૦૪૮૨૬/૦૪૮૨૫ બાન્દ્રા ટર્મિનસ – જોધપુર સુપરફાસ્ટ સ્પેશિયલ (અઠવાડિક) (૬ ફેરા) - ટ્રેન નંબર ૦૪૮૨૬ બાન્દ્રા ટર્મિનસ – જોધપુર સુપરફાસ્ટ સ્પેશિયલ બાન્દ્રા ટર્મિનસથી દર મંગળવારે ૧૧.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૪.૦૦ કલાકે જોધપુર પહોંચશે. આ ટ્રેન ૧૧ થી ૨૫ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૪૮૨૫ જોધપુર – બાન્દ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ દર સોમવારે જોધપુરથી ૧૭.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૯.૩૦ કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૧૦ થી ૨૪ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, ઉધના, ભરૂચ, વડોદરા, સાબરમતી, મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, પિંડવાડા, જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ, પાલી મારવાડ અને લૂણી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટિયર અને સ્લીપર ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૪૭૧૪ નું બુકિંગ ચાલુ છે તથા ટ્રેન નંબર ૦૪૮૨૮ અને ૦૪૮૨૬ નું બુકિંગ ૮ માર્ચ, ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેનરૂપે ચાલશે. ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www. enquiry. indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

અમદાવાદ મંડળના આદરજ મોટી સ્ટેશન પર એન્જિનિયરીંગ કામ માટે બ્લોકના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ખોડિયાર-ગાંધીનગર કેપિટલ-કલોલ રેલવે સેક્શનના આદરજ મોટી સ્ટેશન પર એન્જિનિયરીંગ કામ માટે ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ સૂચિત બ્લોકને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે :- રદ ટ્રેનો - ટ્રેન નંબર ૬૯૨૦૭ ગાંધીનગર કેપિટલ-વરેઠા મેમૂ ૯ અને ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ રદ રહેશે. ટ્રેન નંબર ૬૯૨૦૮ વરેઠા-ગાંધીનગર કેપિટલ મેમૂ ૧૦ અને ૧૧ માર્ચ ૨૦૨૫ ના રોજ રદ રહેશે

પરિવર્તિત માર્ગથી ચાલનારી ટ્રેનો - ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ સાબરમતીથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૦૩૧ સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ ખોડિયાર-ગાંધીનગર કેપિટલ-કલોલને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં. ૦૯ માર્ચ ૨૦૨૫ ના રોજ યોગનગરી ઋષિકેશથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૦૩૨ યોગનગરી ઋષિકેશ-સાબરમતી યોગા એક્સપ્રેસ નિર્ધારીત માર્ગ કલોલ-ગાંધીનગર કેપિટલ-ખોડિયારને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં. ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ દિલ્લી સરાય રોહિલ્લાથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૨૧૫ દિલ્લી સરાય રોહિલ્લા-બાન્દ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ કલોલ-ગાંધીનગર કેપિટલ-ખોડિયારને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં. ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ વલસાડથી ચાલનારી ટ્રેન નંબર ૨૦૯૫૯ વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ખોડિયાર-ગાંધીનગર કેપિટલ-કલોલને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં.

૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ વડનગરથી ચાલનારી ટ્રેન નંબર ૨૦૯૬૦ વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ કલોલ-ગાંધીનગર કેપિટલ-ખોડિયારને બદલે પરિવર્તિત માર્ગ ખોડિયાર-કલોલના રસ્તે ચાલશે તથા ગાંધીનગર કેપિટલ જશે નહીં.

યાત્રીઓને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સમય, રોકાણ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, યાત્રી કૃપા કરીને www. enquiry. indianrail. gov.in અવલોકન કરી શકે છે.

અસમાનતાની કૂટનીતિ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જે રીતે ટેરિફની તલવાર ચલાવી રહ્યા છે, તેનાથી દુનિયાભરમાં ખળભળાટ મચેલો છે. અમેરિકામાં બંને સદનોના સંયુક્ત અધિવેશનોને પોતાના બીજા કાર્યકાળમાં પહેલી વાર સંબોધિત કરતાં ટ્રમ્પે પોતાના ઇરાદા ફરી સ્પષ્ટ કરી દીધા છે. ટેરિફની તેમની તલવારે તેમને પ્રતિકૂળ રહેનારા દેશોને જ નહીં, બલ્કે મિત્ર દેશોને પણ વિચારતા કરી દીધા છે. ટેરિફ મામલે કેનેડા અને મેક્સિકો તો તેમના નિશાના પર છે જ, બીજી એપ્રિલથી ટેરિફની તલવાર ભારત અને ચીન પર પણ ચાલવાની છે. જ્યાં સુધી ભારતનો પ્રશ્ન છે, અમેરિકી નેતાઓ અને અધિકારીઓ સાથે સતત વાતચીત ચાલી રહી છે, પરંતુ અત્યાર સુધી કોઈ ઠોસ પરિણામ નથી મળ્યું. એવામાં ભારત સરકારનું શાંત વલણ પ્રશંસનીય છે. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે ભારતને વિશેષ રૂપે નામ લઈને નિશાનો બનાવ્યું છે. ભારતીય અધિકારી પ્રતિકૂળ સ્થિતિઓમાં પણ અધિકતમ ફાયદાની શોધમાં છે અને આ જ સાચી કૂટનીતિ કહેવાય.

આ મામલે ચીનનું વલણ આક્રમક છે, તો તે તેની મજબૂરી પણ છે. અમેરિકા તરફ થનારી ચીનની નિકાસ જો પ્રભાવિત થાય છે તો ચીનને મોટું નુક્સાન થશે. આક્રોશિત ચીને તો ત્યાં સુધી કહી દીધું છે, 'અમેરિકા જો યુદ્ધ ઇચ્છતું હોય, ચાહે તે ટેરિફ યુદ્ધ હોય, વેપાર યુદ્ધ હોય કે કોઈ અન્ય યુદ્ધ, અમે અંત સુધી લડવા તૈયાર છીએ.' એ પણ ઉલ્લેખનીય વાત છે કે એવી આકરી પ્રતિક્રિયાની અભિવ્યક્તિ અમેરિકા સ્થિત ચીની દૂતાવાસે એક્સ દ્વારા કરી છે. મતલબ, સ્પષ્ટ છે કે મોટા નુક્સાનની આશંકા છતાં બેજિંગ કોઈપણ પ્રકારના ગભરાટનો સ્વીકાર નથી કરી રહ્યું. કેનેડા પણ અમેરિકી વલણ પ્રત્યે આક્રમક છે. તેણે અમેરિકાના ત્રણ રાજ્યોની વીજળી કાપી નાખવાની ધમકી આપી છે. વાસ્તવમાં આ દુનિયા માટે એક બહેતર સંકેત છે કે ટેરિફની તલવારના નિશાના પર આવેલ કોઈપણ દેશ વધુ વિચલિત નથી. એક રીતે બધા જ મુકાબલા માટે તૈયાર થઈ રહ્યા છે. જોકે લાંબા સમયથી અમેરિકા પોતાના સ્વાર્થને સૌથી ઉપર રાખે છે, પરંતુ તે દુનિયા પ્રત્યે પોતાની જવાબદારીને પણ લગભગ સમજતું અને નિભાવતું રહ્યું છે. અંતર એ આવ્યું કે હવે તે જવાબદારી છોડીને બરાબરીને પ્રાથમિકતા આપવા લાગ્યું છે, તો તેનો અર્થ એ નથી કે અમેરિકાને તેનાથી માત્રા લાભ થશે. બીજા દેશ પણ બરાબરી કરશે. ટેરિફની તલવારથી ખુદ અમેરિકાને નુક્સાન થશે. અમેરિકા ટેરિફ વિવાદને શોર મચાવ્યા વિના, આસાનીથી ઉકેલી શકતું હતું. શોરથી જે માહોલ ખરાબ થયો છે, તેમાં સૌથી વધુ નુક્સાન એ સરકારને થશે, જેને દુનિયાના મોટાભાગના દેશો સૌથી પ્રભાવી માનતા આવ્યા છે. સમજવાની વાત છે કે ટ્રમ્પ જે બરાબરીની વાત કરી રહ્યા છે, અસલમાં તે એકતરફી છે. અસલમાં શ્રેષ્ઠતમ વિરુદ્ધ સામાન્યવાળી આ અસમાનતા વધુ મોટી ચિંતા છે, ટેરિફની અસમાનતા તો સમય-સમયની વાત છે.

જન્મ-મરણનું પ્રમાણપત્ર કઢાવવું હવે પડશે મોંઘુ !

એક તરફ લોકો પર આર્થિક બોજ વધી રહ્યો છે. મોંઘવારીને કારણે લોકો જાણી શકતા નથી કે કઈ વસ્તુઓ મોંઘી થઈ રહી છે. હવે ગુજરાતમાં જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર મેળવવું મોંઘુ બનશે. કારણ કે, સરકારે જન્મ અને મૃત્યુ નોંધણી ફીમાં ૧૦ ટકાનો મોટો વધારો લાગુ કર્યો છે. ૨૩ ફેબ્રુઆરીથી જન્મ-મરણની નોંધણીમાં ફી વધારી દેવાનો નિર્ણય અમલમાં આવ્યો છે.મરણનું પ્રમાણપત્ર બનાવવાની ફી ૫ રૂપિયાથી વધારીને ૨૦ રૂપિયા કરવામાં આવી છે. જ્યારે જન્મ પ્રમાણપત્ર માટે, જે પહેલા ૧૦ રૂપિયા હતું તેના હવે ૫૦ રૂપિયા ચૂકવવા પડશે.પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત સરકારે જરૂરી જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર બનાવવાની ફીમાં વધારો કર્યો છે. આ ફીમાં વધારો ૧૦ ટકા સુધીનો છે.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

સુધારો

વિષય : ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ બીઆરસી 133 વર્ષ 2024-25 માં સુધારો

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ-બીઆરસી-133-વર્ષ-2024-25 માટે સુધારા નોટીસ આપવામાં આવે છે. સમાન પ્રકારનું કામ **"કોઈપણ સિવિલ એન્જિનિયરીંગ કામ"** તરીકે પ્રકાશિત થયું હતું પરંતુ હવે તેને **"રનીંગ લાઈન હેઠળ કોઈપણ ટ્રેક કામ"** તરીકે વાંચવાનું રહેશે. અન્ય તમામ નિયમો અને શરતો સમાન રહેશે.

BRC-324

અમને ફોલો કરો: x.com/WesternRly

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

બગીચાનો વિકાસ

ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-BRC 134 OF 2024-25

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1: ટેન્ડર નં. DRM BRC 134 of 2024-25, કામનું નામ:** વડોદરા યાર્ડ :- ZETS ની સામેના વર્તમાનના બગીચા અને ઈલેક્ટ્રિક લોકો શેડ BRCY ખાતે હરીયાળા પેચ વિસ્તારમાં જનરલ બિલ્ડીંગના સાઈડ વિસ્તારનો વિકાસ કરવાનું કામ. **કામની અંદાજીત પડતર (₹ માં):** 9,78,525.68, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં):** 19,600.00, **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર **તા.28-03-2025** ના 15:00 કલાક પહેલા જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે:** વેબસાઈટ @ **www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4.

BRC-320

અમને લાઇક કરો: facebook.com/WesternRly

ડૉક્ટર વેલકોન ૨૦૨૫નો અમદાવાદની નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ ખાતે સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી ના હસ્તે પ્રારંભ

અમદાવાદ, સમગ્ર સમાજના આરોગ્યની વાત કરીએ તો ડૉક્ટર્સ તેના આધાર સ્તંભ છે. જો ડૉક્ટર્સ સ્વસ્થ હશે તો સમાજ સ્વસ્થ બનશે. સતત પેશન્ટ અને બીમારીઓ તેમજ નકારાત્મક વાતાવરણની અસર ડૉક્ટરના સ્વાસ્થ્ય પર પણ પડે છે અને એટલે જ આજે ડૉક્ટર અનેક પ્રકારે સ્ટ્રેસ અનુભવે છે. આ બધામાંથી મુક્ત થઈ સુંદર સકારાત્મક, શાંત જીવન જીવવાનો એક માત્ર ઉપાય એટલે 'ધ્યાન'. હિમાલયીન સમર્પણ ધ્યાનયોગના પ્રણેતા સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના પાવન સાન્નિધ્યમાં તારીખ ૭ માર્ચ, ૨૦૨૫ ના રોજ નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ (એલ.જી. હોસ્પિટલ) ઓડિટોરિયમ, અમદાવાદ ખાતે ડૉ.વેલકોન ૨૦૨૫, ત્રિદિવસીય ધ્યાનશિબિરનો પ્રારંભ થયો છે. કાર્યક્રમનો પ્રારંભ તબીબી જગતના વરિષ્ઠ મહાનુભાવો તેમજ હિમાલયીન સમર્પણ ધ્યાનયોગના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા દીપ પ્રજ્વલન દ્વારા થયો હતો. દીપ પ્રજ્વલન બાદ તબીબો જેની લાંબા સમયથી રાહ જોતા હતા એ ઘડી આવી પહોંચી અને ઓડિટોરિયમમાં પૂજ્ય સ્વામીજીનું આગમન થયું. ગુરુઆહ્વાન બાદ કાર્યક્રમનો પ્રારંભ થયો. પૂજ્ય સ્વામીજીએ કાર્યક્રમની શરૂઆતમાં જણાવ્યું કે તેમને સૌપ્રથમ ઓસ્ટ્રેલિયામાં વિચાર આવેલો કે ડૉક્ટર્સ માટે શિબિરો કરવી જોઈએ. ત્યાર બાદ પૂજ્ય સ્વામીજીએ ડૉક્ટર્સે ધ્યાન શા માટે કરવું જોઈએ એ ઉપર વિશેષ માર્ગદર્શન આપ્યું. યોગ અને યોગાસન વિશેનો તફાવત જણાવતાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે યોગાસન એ યોગ નથી, યોગાસન એ માત્ર યોગનો એક ભાગ છે.(૧૮-૨)

વરરાજાને ભૂલ એવી ભારે પડી કે લગ્ન કર્યા વિના જાને પાછા જવું પડયું

પાણીપત, તમે ઘણીવાર એવા કિસ્સાઓ સાંભળો છો કે વરરાજાએ દહેજની માંગણી કરી હોવાથી લગ્ન વિના જ વરઘોડાને પાછા મોકલી દેવામાં આવ્યા હતા.પરંતુ એક વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હરિયાણામાં લહેંગા અને આર્ટિફિશિયલ જવેલરીના કારણે લગ્ન થતા-થતા રહી ગયા હતા. કન્યા પક્ષનો આરોપ છે કે યુવકનો પરિવાર જૂનો અને દુર્ગંધવાળો લહેંગો લાવ્યો હતો. બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, ત્યારબાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને બંને પક્ષોને સમજાવ્યા હતા પરંતુ યુવતીના પરિવારજનો રાજી ન થયા અને જાનૈયાઓ ખાલી હાથે અમૃતસર પરત ફર્યા હતા. એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જ્યાં કન્યાના પરિવારે તેની વિચિત્ર માંગણીઓ પૂરી ન થતાં લગ્નનો વરઘોડો પાછો મોકલી દીધો હતો. એક ખૂબ જ આશ્ચર્યજનક ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં પાણીપત ગયેલી એક લગ્નની જાન ખાલી હાથે પાછી ફરી છે. દુલ્હન પક્ષને વરરાજાના પરિવાર દ્વારા લાવવામાં આવેલ લહેંગા પસંદ ન આવ્યો અને દુલ્હન પરિવાર પણ ઘરેણાં અને માળા ન લાવવાથી નારાજ થઈ ગયો. બંને પક્ષો વચ્ચેનો વિવાદ વધુ વકરતાં, ડાયલ ૧૧૨ દ્વારા માહિતી મળતાં પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિ શાંત કરી. આ ઘટનાનો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. આ લગ્ન પાનીપતના મોડેલ ટાઉનના ભાટિયા કોલોનીમાં સ્થિત એક મેરેજ હોલમાં થઈ રહ્યા હતા. જ્યારે કન્યા પક્ષે લહેંગા વિશે પ્રશ્નો ઉઠાવ્યા ત્યારે વરરાજા પક્ષ ચોંકી ગયો. આ ઉપરાંત, કન્યા પક્ષના લોકો ઘરેણાં અને માળા ન લાવવા બદલ ગુસ્સે થયા. દુલ્હનની માતાએ આરોપ લગાવ્યો કે લહેંગા જૂનો હતો અને તેમાંથી દુર્ગંધ આવતી હતી. તે જ સમયે, વરરાજા પણ ગુસ્સે થઈ ગયો અને તેણે લહેંગાને બેગમાં પેક કરવાનું શરૂ કર્યું. વિવાદ વધી જતાં પોલીસને સ્થળ પર બોલાવવામાં આવી હતી અને તેમણે બંને પક્ષોને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ લહેંગા અને ઘરેણાંના મુદ્દાને કારણે, છોકરીના પરિવારે લગ્ન કરવાનો ઇનકાર કર્યો હતો. છોકરાના પક્ષના લોકોએ કહ્યું કે અહીં માળા બદલવાની કોઈ પરંપરા નથી, તેથી તેઓ માળા લાવ્યા નથી. છોકરાના પક્ષે એવો પણ આરોપ લગાવ્યો કે અમારી સાથે મારપીટ કરવામાં આવી હતી અને છોકરીના પક્ષે તલવારો કાઢીને અમારા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

હેન્ડ પમ્પ નો AMC

ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-BRC 135 OF 2024-25

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1: ટેન્ડર નં. DRM BRC 135 of 2024-25, કામનું નામ:** આસિ. ડિવિઝનલ એન્જિનિયર, નડિયાદના અધિકારક્ષેત્ર હેઠળ હાલના હેન્ડ પમ્પ ઉપર એક વર્ષ માટે હેન્ડ પમ્પનો AMC. **કામની અંદાજીત પડતર (₹ માં):** 7,76,762.67, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં):** 15,500.00, **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર **તા.01-04-2025** ના 15:00 કલાક પહેલા જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે:** વેબસાઈટ @ **www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4.

BRC-323

અમને લાઇક કરો: facebook.com/WesternRly

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર્સ, અંધેરી - કુર્લા રોડ, અંધેરી(ઈસ્ટ), મુંબઈ -૪૦૦૦૫૯, ભારત
શાખા ઓફિસ : ચોથો માળ, ઓફિસ નં.૪૩૬-૪૪૩, એમેરાલ્ડ વન, વિનવર્ડ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦

ખાનગી સંધિ થકી સ્થાયી મિલકતના વેચાણ માટે નોટિસ

સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)કાયદા, ૨૦૦૨ના કાયદા ૮(૮)ની અને રૂલ ૯(૧) જોગવાઈ સાથે વાંચતા તે હેઠળ ખાનગી સંધિ થકી સ્થાયી મિલકતોના વેચાણ માટે નોટિસ

આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ (આઈસીઆઈસીઆઈ એચએફસી)એ નીચે જણાવેલ ગીરો મિલકતના વેચાણ માટે ઘણી વાર ઈ-નિલામીનું આયોજન કરેલ છે. પરંતુ તે તમામ નિષ્ફળ ગયા છે. અત્યારે મિલકતની ખરીદીમાં રસ ધરાવતી પાર્ટીએ રૂા.૧૬,૫૦,૦૦૦ની ઓફર સાથે આઈસીઆઈસીઆઈ એચએફસીનો સંપર્ક કર્યો છે. આથી જાહેર જનતાને તથા ખાસ કરીને દેવાદાર(રો)અને જામીનદાર(રો)ને સુચિત કરવામાં આવે છે કે નીચે જણાવેલી સ્થાયી મિલકતો સુરક્ષિત લેણદાર પાસે ગીરવે મુકેલ છે, જેનો ભૌતિક કબ્જો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના સત્તાવાર અધિકારીએ લઈ લીધો છે, જેનું વેચાણ જ્યાં છે, જે છે, જે કાંઈ પણ ત્યાં છે, જેવું છે ના આધારે ખાનગી સંધિ દ્વારા કરવામાં આવશે જેની વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે :

ક્રમ નં.	દેવાદારોનું/સહ દેવા -દારોનું / જામીનદારો/ કાયદાકીય વારસદારોનું નામ લોન ખાતા નંબર	જામીન મુકેલ મિલકતોની વિગતો અને જાણીતા બોજા સાથે, જો હોય તો	બાકી લેણાં રકમ(રૂા)	અનામત કિંમત બાનાની થાપણ કિંમત	મિલકત નિરિક્ષણ ની તારીખ અને સમય	ઈ-નિલામિની તારીખ અને સમય	ઈ-નિલામિની તારીખ ના એક દિવસ અગાઉ	સરફેસી સ્ટેજ
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)	(એચ)	(આઈ)
૧	સોલંકી ઝીલ (દેવાદાર) સોલંકી પ્રવિણભાઈ કંચનભાઈ (સહ દેવાદાર-૧)સોલંકી ચંદ્રિકાબેન (સહ દેવાદાર-૨) લોન ખાતા નં. **LHBRD00001503548 & LHBRD00001503552**	એફ-૪૦૪, ચોથો માળ, દ્વારકેશ સિટી, એમએમ વોરા શોરૂમ સામે, દર્શનમ અન્ટિલા-૨ પાસે, આર.એસ. નં.૩૬૬, ટી.પી.નં.૪૦,એફપી ૧૪૬, બ્લોક નં.૧૮૩, વડોદરા, ગુજરાત ૩૯૦૦૦૪.	રૂા. ૨૬,૦૪, ૧૪૭.૦૦/- ૨૮મી ફેબ., ૨૦૨૫	રૂા.૧૬,૫૦, ૦૦૦/- રૂા. ૧,૬૫,૦૦૦/-	૧૮ માર્ચ, ૨૦૨૫ સવારે ૧૧-૦૦ કલાકે થી સાંજે ૩-૦૦ કલાકની વચ્ચે	૨૫ માર્ચ, ૨૦૨૫ બપોરે ૨-૦૦ કલાકે થી ૩-૦૦ કલાક-ની વચ્ચે	૨૪ માર્ચ, ૨૦૨૫	ભોતિક કબ્જો

ઓનલાઈન ઈ-નિલામી આપણી ઈ-નિલામી એજન્સી વેલ્યુ ટ્રસ્ટ કેપિટલ સર્વિસિસ પ્રા.લિ. દ્વારા **(URL Link-/https://BidDeal.in)** ઉપર યોજવામાં આવશે. રસ ધરાવતા બિડરોએ તેમની બાનાની થાપણ કિંમત (ઈએમડી)ની રકમ આરટીજીએસ / ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ૨૪મી માર્ચ,૨૦૨૫ના રોજ સાંજે ૪-૦૦ કલાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.,ઉપર જણાવેલ શાખા ઓફિસ ખાતે જમા કરાવવાની રહેશે . ખાસ ધ્યાન આપો કે જો રસ ધરાવતા બિડરો નોંધણી દસ્તાવેજો અને બીડ નિયમો અને શરતોનું ફોર્મ ભરીને તેની ની સાઈન કરેલી કોપીને ૨૪મી માર્ચ,૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ કલાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.,ઉપર જણાવેલ શાખા ઓફિસ ખાતે ફરજીયાત રીતે સબમિટ કરવાનું રહેશે. બાનાની થાપણ કિંમત (ઈએમડી)નો ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) નેશનલાઈઝડ/ શેડ્યુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.-ઓક્શન નામનો પેયેબલ એટ ઉપર જણાવેલ શાખા ઓફિસ સરનામા નો બનાવીને જમા કરાવાનો રહેશે.

સામાન્ય જનતાને વિનંતી કરવામાં આવે છે કે મિલકતની ખરીદીમાં રસ ધરાવતી પાર્ટીએ જેટલી રકમ ઓફર કરી છે તેનાં કરતાં વધુ રકમની બીડ સબમિટ કરવી. આથી અહીં સુચિત કરવામાં આવે છે કે જો મિલકતની ખરીદીમાં રસ ધરાવતી પાર્ટીએ જેટલી રકમ ઓફર કરી છે તેનાં કરતાં વધુ રકમની બીડ આઈસીઆઈસીઆઈ એચએફસીને પ્રાપ્ત નહીં થાય તો ઉપર જણાવેલ ગીરો મિલકત સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)કાયદા, ૨૦૦૨ના કાયદા ૮(૮)ની અને રૂલ ૯(૧